ઓનલાઇન સંપર્કમાં આવેલી યુવતીને મળવું ડોક્ટરને ભારે પડ્યું

નકલી પોલીસ બની ઠગોએ તબીબ પાસેથી રૂ.6.10 લાખ પડાવી લીધા

ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી આપી બેંકમાંથી બળજબરીથી રૂપિયા ઉપડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 16

વડોદરા શહેરના વાસણા રોડ પર રહેતા એક તબીબ સાથે ઓનલાઇન સંપર્કમાં આવેલી યુવતીને મળવું ભારે પડ્યું હતું. યુવતી સાથે મળ્યા બાદ નકલી પોલીસ બની આવેલા શખ્સોએ ડોક્ટરને ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી આપી તેમની પાસેથી કુલ 6.10 લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે.

વાસણા રોડ સ્થિત સનરાઈઝ પાર્ક સોસાયટીમાં રહેતા ડૉ. કેતન વોરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ કૃપાલી પટેલ (રહે. અમદાવાદ) એ વોટ્સએપ મારફતે તેમનો સંપર્ક કર્યો હતો. વાતચીત દરમિયાન વિશ્વાસમાં લઈ તેમને સયાજીપુરા ગામના રોડ પર મળવા બોલાવ્યા હતા.

ડોક્ટર સયાજીપુરા ખાતે પહોંચ્યા બાદ યુવતી તેમને કારમાં બેસાડી હાઈવે નજીક કેનાલ પાસે લઈ ગઈ હતી. ત્યાં અન્ય કારમાં ત્રણથી ચાર શખ્સો આવી પહોંચ્યા હતા.

આરોપીઓએ પોતાને પોલીસ તરીકે ઓળખ આપી જણાવ્યું કે યુવતી ડ્રગ્સ ડીલિંગમાં સંડોવાયેલી છે અને તમે પણ તેમાં સામેલ છો. ત્યારબાદ ડોક્ટરને માર મારી કેસમાં ફસાવવાની ધમકી આપી હતી.

આરોપીઓએ કેસમાંથી છૂટકારો અપાવવા માટે 5 લાખ અધિકારીને અને 30 હજાર પોતાને આપવા પડશે તેવી માંગણી કરી હતી. ડરના માહોલમાં ડોક્ટર રૂપિયા આપવા તૈયાર થયા હતા.આરોપીઓ ડોક્ટરને સાથે લઈને અલકાપુરી સ્થિત યુનિટી બેંકમાં ગયા હતા. મેનેજરે ચેક વગર રકમ આપવાની ના પાડતા તેઓ ડોક્ટરને ઘરે લઈ જઈ ચેક મંગાવી ફરી બેંકમાં આવી 6 લાખ ઉપડાવી લીધા હતા. ઉપરાંત ઓનલાઈન મારફતે વધુ 10 હજાર પણ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા.

આ રીતે આરોપીઓએ ભેગા મળી ડોક્ટર પાસેથી કુલ 6.10 લાખ બળજબરીથી પડાવી લીધા હતા અને ત્યારબાદ તેમને છોડીને ફરાર થઈ ગયા હતા.

બાદમાં વધુ રૂપિયા ઉઘરાવવા માટે આ ગેંગ ડોક્ટરના આંકલાવ સ્થિત ઘરે પહોંચી હતી અને "કૃપાલી પટેલે આત્મહત્યા કરી છે" એવી ખોટી વાત કરી ડરાવી ધમકાવી કોરા કાગળ પર સહી કરાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ડોક્ટરે કોઈ સહી કરી નહોતી.

આ મામલે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં મહિલા સહિત મહાદેવ, પ્રકાશ પટેલ તથા અન્ય અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો છે. આરોપીઓને ઝડપી પાડવા પોલીસ દ્વારા તજવીજ હાથ ધરાઈ છે.

કલેક્ટર કચેરી 'ફાયર સેફ્ટી' સાધનોનું રિફિલિંગ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા. તા.17

રાજ્યમાં ઉનાળાની શરૂઆત સાથે જ તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં ગરમીનો પારો ધીમે ધીમે ઊંચે જઈ રહ્યો છે. ઉનાળામાં વધતા તાપમાન અને શોર્ટ સર્કિટ જેવા કારણોસર આગ લાગવાની ઘટનાઓમાં વધારો થતો હોય છે. આ સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને વડોદરા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે.

કલેક્ટર કચેરી ખાતે ફાયર સેફ્ટી સાધનોનું નિરીક્ષણ અને રિફિલિંગ હાથ ધરાયું હતું. કચેરીમાં દરરોજ મોટી સંખ્યામાં નાગરિકો આવતા હોવાથી તેમની સુરક્ષા મહત્વપૂર્ણ માનવામાં આવી છે. તમામ વિભાગોમાં મુકાયેલા અગ્નિશામક સાધનોની ચકાસણી કરી સમયમર્યાદા પૂર્ણ થયેલા અથવા ખાલી સાધનોને તાત્કાલિક રિફિલિંગ માટે મોકલાયા હતા. ટેકનિકલ ટીમે પ્રેશર ગેજ, નોઝલ અને કેમિકલની તપાસ કરી તમામ સાધનોને 'રેડી ટુ યુઝ' સ્થિતિમાં લાવ્યા છે.

એકાઉન્ટનું પેપર મધ્યમ રહ્યું,બધા પેપરો સારા જતા વિદ્યાર્થીઓ તણાવ મુક્ત થયા

ધોરણ 12ના નામાનાં મૂળતત્વોના પેપરમાં ભાગીદારોના હિસાબ ટવીસ્ટ કરીને પૂછાયા

પાઠ્યપુસ્તકની સંપૂર્ણ તૈયારી કરનાર વિદ્યાર્થીઓના ફુલ માર્ક્સ આવવાની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

ધો.12 સામાન્ય પ્રવાહના એકાઉન્ટના પેપરમાં દરેક પ્રશ્નો પાઠ્ય પુસ્તકમાંથી જ સીધે સીધા પૂછવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓએ ચોપડીની સંપૂર્ણ તૈયારી કરી હશે તેમના ફુલ માર્ક આવવાની પૂરેપૂરી શક્યતા છે. પાછલા વર્ષોની તુલનામાં આ વર્ષનું એકાઉન્ટનું પેપર મધ્યમ રહ્યું હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચાલી રહેલી પરીક્ષામાં ધોરણ 12 સામાન્ય પ્રવાહનું એકાઉન્ટનું પેપર પાઠ્ય પુસ્તક આધારિત નીકળ્યું હતું. સબ્જેક્ટ નિષ્ણાંત રવિ વઢવાણાએ જણાવ્યું હતું કે, ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં નામાના મૂળ તત્વ એકાઉન્ટનું પેપર હતું. જેમાં વિભાગ A મા ભાગ 1 માંથી MCQ વધુ પૂછવામાં આવ્યા જે સરળ હતા. વિભાગ B એક વાક્યના પ્રશ્નો પણ સરળ રહ્યા હતા. વિભાગ C અને વિભાગ D મા ત્રણ થી ચાર ગુણ ના દાખલા સરળ પૂછવામાં આવ્યા હતા.

વિભાગ E મા પાર્ટ વન માંથી ભાગીદાર નો પ્રવેશ અને નિવૃત્તિ જેવા દાખલા પૂછાયા , અને પાર્ટ 2 માંથી શેર મૂડીના વાર્ષિક હિસાબો પૂછાયા જે વિદ્યાર્થીઓને ગણવામાં ઘણા સરળ લાગ્યા હતા.

વિભાગ F મા પાર્ટ 1 માંથી ભાગીદારોના વાર્ષિક હિસાબ આ વખતે પાછલા વર્ષો કરતા થોડા ટવીસ્ટ કરીને પૂછવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓ સારી પ્રેક્ટિસ કરી હશે તેમને સરળ લાગ્યું બાકીના વિદ્યાર્થીઓને તેમાં મૂંઝવણ પડી, પાર્ટ 2 કંપનીના વાર્ષિક હિસાબ અતિ સરળ પૂછાતા બાળકોને લખવામાં રસ પડ્યો હતો.પાછલા વર્ષોની તુલનામાં આ વર્ષનું પેપર મધ્યમ રહ્યું હતું. આજે 12 કોમર્સનું છેલ્લું પેપર હતું. આ વખતે બધા જ પેપરો સારા જતા વિદ્યાર્થીઓ તણાવ મુક્ત થયા છે.

માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રાજ્યકક્ષાના 'બેટરી ટેસ્ટ'નું આયોજન

મધ્ય અને દક્ષિણ ગુજરાતના 9 જિલ્લાઓના 1254 ખેલાડીઓ પ્રતિભા અજમાવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ કાર્યરત Sports Authority of Gujarat દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટેની 'જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ' (DLSS) યોજના અંતર્ગત ખેલાડીઓની પસંદગી માટે રાજ્યકક્ષાના બેટરી ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

વડોદરાના માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્રના સહયોગથી આ ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તા. ૧૭ થી ૨૦ માર્ચ દરમિયાન આયોજિત આ કસોટીમાં નવસારી, સુરત, ભરૂચ, તાપી, વડોદરા, ડાંગ, વલસાડ, છોટાઉદયપુર અને નર્મદા જિલ્લાઓમાંથી જિલ્લા કક્ષાએ પસંદ થયેલા કુલ ૧૨૫૪ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) મોડેલ હેઠળ ચલાવવામાં આવતી DLSS યોજનામાં ઉત્કૃષ્ટ રમત કૌશલ્ય ધરાવતા ખેલાડીઓને પ્રવેશ આપવા માટે આ પરીક્ષણ લેવામાં આવે છે. ખેલાડીઓની શારીરિક ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સાત અલગ અલગ ટેસ્ટિંગ સ્ટેશનો બનાવવામાં આવ્યા છે.

વડોદરાના જિલ્લા રમતગમત વિકાસ અધિકારી એ જણાવ્યું હતું કે આ પ્રક્રિયા દ્વારા રાજ્યને ભવિષ્યના પ્રતિભાશાળી ખેલાડીઓ મળશે. ખેલાડીઓની શારીરિક ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે નીચે મુજબના ૭ ટેસ્ટ લેવામાં આવી રહ્યા છે.

વૈશ્વિક યુદ્ધની સ્થિતિ વચ્ચે VGLના એમ.ડી.એ નાગરિકોને આપી ધરપત

PNG ગ્રાહકોએ ચિંતા કરવાની જરૂર નથી, આગામી 3 મહિના સુધી સપ્લાયમાં કોઈ વિક્ષેપ નહીં પડે

દરરોજ 20 નવા કનેક્શન આપવાનું આયોજન

હાલમાં અંદાજે 5000 જેટલી નવી અરજીઓ પેન્ડિંગ છે, જે વહીવટી મંજૂરીઓ મળતાની સાથે જ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.17

વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે ચાલી રહેલી યુદ્ધની સ્થિતિને પગલે ઉર્જા ક્ષેત્રે ઊભી થયેલી અનિશ્ચિતતા વચ્ચે વડોદરા ગેસ લિમિટેડ દ્વારા શહેરના ગેસ વપરાશકર્તાઓ માટે રાહતના સમાચાર આપવામાં આવ્યા છે. VGL ના મેનેજિંગ ડિરેક્ટર વિનય શ્રીવાસ્તવે આજે એક ખાસ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, વડોદરાના ઘરેલું ગેસ ગ્રાહકોએ ગભરાવાની કોઈ જરૂર નથી, કારણ કે ગેસ પુરવઠો સંપૂર્ણપણે નિયમિત અને સુરક્ષિત રાખવા માટે તમામ આગોતરા આયોજનો કરી લેવામાં આવ્યા છે. શ્રીવાસ્તવે માહિતી આપતા જણાવ્યું હતું કે, યુદ્ધ જેવી પરિસ્થિતિમાં જ્યારે ઉર્જાના સ્ત્રોતો પર દબાણ વધતું હોય છે, ત્યારે VGL એ શહેરના નાગરિકોના હિતમાં નક્કર આયોજન કર્યું છે. અત્યાર સુધીમાં શહેરના 1500 ઘરોમાં પાઈપલાઈન દ્વારા ગેસ પહોંચાડી દેવામાં આવ્યો છે. એટલું જ નહીં, માગને પહોંચી વળવા માટે હવે દરરોજ 20 નવા ગેસ કનેક્શન આપવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. હાલમાં અંદાજે 5000 જેટલી નવી અરજીઓ પેન્ડિંગ છે, જે વહીવટી મંજૂરીઓ મળતાની સાથે જ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

ઔદ્યોગિક ક્ષેત્રે પણ મોટી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પાંચ જેટલી નવી ઈન્ક્વાયરી પ્રાપ્ત થઈ છે. વૈશ્વિક સ્થિતિને કારણે કમર્શિયલ સપ્લાયમાં જે આંશિક અડચણો આવવાની સંભાવના છે, તેના વિકલ્પ તરીકે VGL દ્વારા બાયોગેસ અને લિક્વિફાઈડ નેચરલ ગેસ ની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરમાં હાલ 3 LNG સ્ટેશન કાર્યરત છે, જેના થકી આગામી 3 મહિના સુધી સપ્લાયમાં કોઈ વિક્ષેપ નહીં પડે તેવી ખાતરી એમ.ડી.એ આપી હતી.

બોક્ષ:- યુદ્ધની અસર સામે 'બાયોગેસ અને LNG' બનશે ઢાલ...

વૈશ્વિક યુદ્ધની સ્થિતિમાં ગેસના આંતરરાષ્ટ્રીય બજાર પર અસર પડતી હોય છે, પરંતુ વડોદરાવાસીઓને તેની આંચ નહીં આવે. VGL ના જણાવ્યા મુજબ, જો કમર્શિયલ સપ્લાયમાં કોઈ અડચણ આવશે, તો તેના સ્થાને બાયોગેસ અને LNG ના મિશ્રણથી પુરવઠો જાળવી રાખવામાં આવશે. આગામી 90 દિવસ સુધીનો બેકઅપ પ્લાન તૈયાર હોવાથી શહેરના રસોડામાં ગેસની જ્વાળા અવિરત પ્રજ્વલિત રહેશે.

દિવાળીપુરા નિસર્ગ કોમ્પલેક્સમાં વીજ મીટરમાં આગ : કલાકો સુધી પુરવઠો ઠપ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

ગરમીના પ્રકોપ વચ્ચે આગ લાગવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે શહેરના દિવાળીપુરા કોર્ટની સામે આવેલ નિસર્ગ કોપ્લેક્સના વીજ મીટરમાં આગ લાગી હતી. શોર્ટ સર્કિટ થતા વાયરો સળગ્યા હતા. જેના કારણે સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. બનાવની જાણ કરાતા ફાયરબ્રિગેડના જવાનો સ્થળ પર પહોંચ્યા હતા અને આગ બુઝાવી હતી. બીજી તરફ વીજ મીટરોમાં શોર્ટ સર્કિટને કારણે કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયો હતો. જેના કારણે રહીશો ગરમીમાં મુશ્કેલીમાં મૂકાયા હતા.

રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ

આણંદ - ગોધરા સેક્શન હેઠળ લેવલ ક્રોસિંગ નંબર 54 એ પર રિલીવિંગ ગર્ડર લોન્ચ

ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યના અમલીકરણમાં અત્યાધુનિક 500-ટન ક્રેનનો ઉપયોગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા ડિવિઝન દ્વારા આણંદ - ગોધરા સેક્શન હેઠળ લેવલ ક્રોસિંગ નંબર 54 એ પર રિલીવિંગ ગર્ડર સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું. જે રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત અને આધુનિક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા અનુસાર, આ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્ય સોમવારે અપ લાઇન પર અને 17 માર્ચના રોજ ડાઉન લાઇન પર આયોજિત 3 કલાકના ટ્રાફિક બ્લોક દરમિયાન કાર્યક્ષમ રીતે પૂર્ણ થયું હતું. કાર્ય દરમિયાન તમામ જરૂરી સલામતી ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું, જેના પરિણામે ટ્રાફિક કામગીરી પર ઓછામાં ઓછી અસર પડી હતી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યના અમલીકરણમાં અત્યાધુનિક 500-ટન ક્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે ખાતરી કરે છે કે ગર્ડર લોન્ચ અત્યંત ચોકસાઈ અને સલામતી સાથે હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યનું સમયસર અને સફળતાપૂર્વક પૂર્ણ થવું એ વડોદરા વિભાગની ટેકનિકલ કુશળતા, સુઆયોજિત અભિગમ અને પ્રતિબદ્ધતાનો પુરાવો છે. વડોદરા વિભાગ મુસાફરોને વધુ સારી, સલામત અને વિશ્વસનીય સેવાઓ પૂરી પાડવા માટે રેલ્વે માળખાગત સુવિધાઓને સતત અપગ્રેડ અને આધુનિક બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

હવેની વસતી ગણતરી પેન-પેપર વિના થશે, ૩૪ પ્રશ્નો આધારિત ગણતરી થશે

વસતી ગણતરી માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિરીક્ષકોને હાઉસ લિસ્ટિંગ ઓપરેશન એપ, સેન્સસ મેનેજમેન્ટની તાલીમ અપાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વસતી ગણતરી માટે કમર કસવામાં આવી રહી છે. વસતી ગણતરીની વાસ્તવિક પ્રક્રીયા શરૂ થાય એ પૂર્વે ગણતરીદારો ઉપર કામ નિરીક્ષણ કરનારા કર્મચારીઓને ક્રમબદ્ધ રીતે તાલીમ આપવામાં આવી રહી છે. કોઠી કમ્પાઉન્ડમાં સેન્સસ સુપરવાઇઝરને ગણતરીની તાલીમ આપીને સજ્જ કરવામાં આવી રહ્યા છે. આ સુપરવાઇઝર દ્વારા તાલુકા કક્ષાએ તાલીમ અપાશે.

આ વખતની વસતી ગણતરી સંપૂર્ણ પણે ડિઝીટલ થવાની છે. એટલે કે, પેનપેપર વિના એપ્લિકેશન મારફત આ ગણતરી કરવામાં આવશે. આ માટે ભારત સરકાર દ્વારા હાઉસ લિસ્ટિંગ ઓપરેશન એપ બનાવવામાં આવી છે. આ ઉપરાંત સેન્સસ મેનેજમેન્ટ એન્ડ મોનિટરિંગ પોર્ટલનો પણ ઉપયોગ કરવામાં આવશે. આ બન્ને, પોર્ટલ અને એપ્લિકેશનની નિરીક્ષકોને તાલીમ આપવામાં આવી રહી છે. હાલમાં ૪૦ નિરીક્ષકોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે.

સરકારના જુદા જુદા વિભાગોમાંથી પસંદગી પામેલા આ નિરીક્ષકોને ઉક્ત બન્ને ટેક્નોલોજીનો ઉપયોગ કેવી રીતે કરવો ? એની તાલીમ આપી તાલુકા, ગ્રામ્ય કક્ષાના ગણતરીદારોને આ વિષયોની સુશિક્ષિત કરવાની જવાબદારી સોંપવામાં આવશે. આ વખતની ગણતરીમાં ૩૪ પ્રશ્નો આધારિત ગણતરી હાથ ધરવામાં આવશે. જેમાં વ્યક્તિ, તેના પરિવારની સ્થિત ઉપરાંત સામાજિક-આર્થિક સ્થિતિને લગતી બાબતોનો સમાવેશ થાય છે. આ ગણતરી થાય એ પૂર્વે છેલ્લે વર્ષ ૨૦૧૧માં થયેલી ગણતરીના આંકડાઓ જોઈએ તો સાવલીમાં ૧૭૯૬૦૨, ડેસરમાં ૭૫૪૦૭, વડોદરા શહેર (૧૮૨૨૫૩૨) સહિત તાલુકામાં ૨૦૦૯૪૩૪, વાઘોડિયામાં ૧૪૯૯૧૪, ડભોઈમાં ૧૮૦૫૧૮, પાદરામાં ૨૬૫૯૦૧, કરજણમાં ૧૬૭૫૭૯ અને શીનોરમાં ૬૫૪૪૦ વસતી નોંધાઇ હતી.

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા 'સંવાદ 17' દ્વારા મહિલા સશક્તિકરણની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.17

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા વડોદરામાં તેનું મહત્વપૂર્ણ કાર્યક્રમ "સંવાદ 17" સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું, જે મહિલા દિવસની ઉજવણીને સમર્પિત હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓના યોગદાન, શક્તિ અને સિદ્ધિઓને સન્માન આપવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર 12 પ્રેરણાદાયક મહિલાઓને "પ્રેરણા પુરસ્કાર 2.0"થી સન્માનિત કરવામાં આવી. તેમની સિદ્ધિઓ અને સમાજમાં આપેલા યોગદાનને માન આપી તેમને એવોર્ડ આપવામાં આવ્યો. આ પ્રસંગે ફાઉન્ડેશનના સક્રિય વોલન્ટિયર્સ અને ઇન્ટર્નને પણ તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ પ્રશંસા કરવામાં આવી. કાર્યક્રમમાં સંસ્કૃતિક રજૂઆતો પણ યોજાઈ હતી, જેમાં મહિલા સશક્તિકરણના થીમ પર આધારીત ડાન્સ પરફોર્મન્સ રજૂ કરવામાં આવ્યું હતું. સાથે ઇન્ટર્ન્સ દ્વારા મહિલા સશક્તિકરણ પર આધારીત નાટક (સ્કિટ) રજૂ કરવામાં આવ્યું, જેને ઉપસ્થિત લોકો તરફથી ખૂબ પ્રશંસા મળી.

કાર્યક્રમ દરમિયાન ફાઉન્ડર અને ડિરેક્ટર કિન્નરી હરિયાણી દ્વારા છેલ્લા બે મહિનાના પ્રોજેક્ટ્સ અને કામગીરી અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું. તેમણે તમામ સન્માનિત મહિલાઓને તેમની સિદ્ધિઓ માટે અભિનંદન આપ્યા અને તેમની પ્રશંસા કરી. કિન્નરી હરિયાણીએ જણાવ્યું કે,

"મહિલા સશક્તિકરણ માત્ર એક વિચાર નથી, પરંતુ સમાજમાં સમાનતા, સન્માન અને અવસર ઉભા કરવાનો સતત પ્રયત્ન છે. 'સંવાદ 17' દ્વારા અમે એવી મહિલાઓને સન્માનિત કરવા માંગીએ છીએ, જેઓ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે. બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન હંમેશા મહિલાઓના વિકાસ અને સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ રહેશે." કાર્યક્રમનો અંત ઉત્સાહ અને પ્રેરણાથી ભરપૂર રહ્યો, જેમાં ઉપસ્થિત તમામ લોકોને મહિલા સશક્તિકરણ માટે આગળ આવવા પ્રેરણા મળી.

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 802, નટરાજ સ્ટ્રોમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-400069 ગોધરા શાખા: શોપ નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-389001

ઈ-હરાજી - વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ના સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6)ના પ્રાવધાન સાથે વંચાણે લેતા સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.

સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત જે આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા કબજામાં લેવામાં આવી છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ છે"ના ધોરણે કોઈપણ જાણીતા બોજા વગર કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છે:

ક્રમ	દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ)	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત (RP)	EMD (RP ના 10%)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં. 17610000229/ ગોધરા શાખા) સંજયકુમાર અગ્રવાલ (દેવાદાર) પ્રિયાબેન અગ્રવાલ (સહ-દેવાદાર)	09-09-2025 & ₹ 8,06,373/-	પ્રોપર્ટીનો તમામ ભાગ અને પાર્સલ, 307 ત્રીજો માળ, મ્યુનિ. હાઉસ નં: 116/A/21 તુલસી બિલ્ડિંગ, દાહોદ રોડ, દેવગઢ બારિયા, દાહોદ અને ગુજરાત 389380. સીમાઓ: પૂર્વ - આ આર.એસ. પૈકી જમીનમાં કોમન રોડ, પશ્ચિમ - આ આર.એસ. પૈકી જમીનમાં કોમન રોડ, ઉત્તર - આ આર.એસ. પૈકી જમીનમાં કોમન રોડ, દક્ષિણ - કોમન દીવાલ સાથે ફ્લેટ નં. 6.	Rs. 7,65,405/-	Rs. 76,541/-	ભૌતિક

1.અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)ના ડીડી સાથે KYC, ટેન્ડર ફોર્મ અને સ્વીકૃત નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) સબમિટ કરવાની છેલ્લી તારીખ 21-04-2026 સાંજે 5:00 વાગ્યા સુધીમાં ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની રહેશે. અંતિમ તારીખ પછી મળેલા ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણાશે અને તે મુજબ રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.

2.મિલકત માટે બિડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) 22-04-2026ના રોજ https://bankeauctions.com પર બપોરે 03:00 થી 04:00 વાગ્યા દરમિયાન છે.

3.ઉપર જણાવ્યા મુજબ મિલકત પર બાકી રહેલી કોઈપણ જવાબદારીઓ માટે AHFL જવાબદાર નથી. મિલકતની હરાજી 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ પણ છે'ના ધોરણે કરવામાં આવશે.

4.ડિમાન્ડ ડ્રાફ્ટ ફક્ત 'Aadhar Housing Finance Limited'ના પક્ષમાં જ બનાવવો જોઈએ.

5.હરાજી/બિડિંગ માત્ર https://bankeauctions.com વેબસાઇટ દ્વારા "ઓનલાઇન ઇલેક્ટ્રોનિક બિડિંગ" દ્વારા થશે. બિડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઈ-હરાજી વેચાણની કાર્યવાહીમાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઈટ જોવી.

6.ઈચ્છુક બિડર્સે પોર્ટલ M/s C 1 INDIA PVT LTD પર લિંક https://bankeauctions.com/registration/signup દ્વારા તેમના નામ નોંધણી કરાવવા જોઈએ અને તેમનો યુઝર આઈડી અને પાસવર્ડ મફતમાં મેળવવો જોઈએ. સંભવિત બિડર સર્વિસ પ્રોવાઈડર M/s C 1 INDIA PVT LTD પાસેથી વેબસાઈટ https://bankeauctions.com દ્વારા ઈ-હરાજી અંગે ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.

7.વધુ વિગતો માટે આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, અમિતકુમાર સોની (સંપર્ક નં. 9913333214) અથવા સર્વિસ પ્રોવાઈડર M/s C1 INDIA PVT LTD, મિસ્ટર પ્રભાકરણ, મોબાઈલ નં: +91-74182-81709, ઈ-મેલ: tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +917291981124/25/26 પર સંપર્ક કરો. આજની તારીખે, AHFL/AHFL ના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સુરક્ષિત અસ્ક્યામતો વેચવા, હસ્તાંતરિત કરવા અને/અથવા નિકાલ કરતા અટકાવતો કોઈ સ્ટે ઓર્ડર અથવા કોર્ટનો મનાઈ હુકમ નથી.

8.વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (AHFL), સુરક્ષિત લેણદારની વેબસાઈટ એટલે કે www.aadharhousing.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

9.હરાજી માટે બિડ વધારાની (Incremental) રકમ રૂ. 10,000/- છે.

10.આ સમાચાર પત્રનું પ્રકાશન અને તેમાં રહેલી માહિતી સામાન્ય જનતાના પ્રસાર માટે છે. આ સામગ્રીનું કોઈપણ રીતે સંપૂર્ણ કે આંશિક પુનઃઉત્પાદન, વિતરણ, પ્રસારણ અથવા પુનઃપ્રકાશન કરવું સખત મનાઈ છે, પછી ભલે તે પ્રિન્ટ, ડિજિટલ, કોઈપણ સ્વરૂપમાં ઈલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેલ અથવા વેબ પ્રકાશન દ્વારા હોય. કોઈપણ માધ્યમ દ્વારા ઉપરોક્ત સામગ્રીનો અનધિકૃત ઉપયોગ કરવા બદલ AHFL દ્વારા યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

સ્થળ: ગુજરાત
તારીખ: 18.03.2026

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

હેરીટેજ આર્કોનના માનવંતા ગ્રાહકો તથા જાહેર જનતા જોગ

જાહેર નોટિસ (FINAL PUBLIC NOTICE)

વડોદરાના તમામ નાગરીકો અને જાહેર જનતાની જાણકારી અર્થે

આથી 'હેરિટેજ આર્કોન' **(Heritage Arcon)**, જે ન્યુ એરા સ્કૂલની બાજુમાં, નોવિનો બેટરીની સામે, મકરપુરા રોડ, વડોદરા ખાતે આવેલ રહેણાંક યોજના છે, તેના સ્ટે